સાબરકાંઠામાં ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ -જાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવની ઉજવણી થનાર છે. મહા મહિમ રાજયાપાલ કમલા બેનીવાલના હસ્તે થનાર દેવજવંદન કાર્યક્રમ મુખ્ય મંત્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતમાં થનાર -જાસત્તાક પર્વ મહોત્સવને સફળ બનાવવા વહીવટી તંત્ર તનતોડ મહેનત કરી રહયું છે.

કાર્યક્રમોની રૂપરેખા આપતાં જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, તા.૨૫ અને ૨૬ એમ બે દિવસો દરમ્યાન યોજાનાર છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિવિધ કાર્યક્રમો તા.૨૫મી જાન્યુઆરીના રોજ યુવા સંમેલન યોજાનાર છે. જેમાં જિલ્લાની તમામ કોલેજોના વિધાર્થીઓ સહભાગી બનશે. ‘યુનાઇટીંગ ફોર ઇનડિયા થીમ પર આધારિત આ યુવા સંમેલનમાં દેશના તમામ રાજયોની વેશભૂષાઓનું નિદર્શન કરી દેશના નકશાનું ફોર્મેશન રમશે. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાભરનું ચિત્ર પણ રજૂ કરાશે. લગભગ ૨૦ હજાર વિધાર્થીઓ તેમાં સહભાગી થશે. સાથે સાથે ફુડ કોર્ટ‘સોટ સંસ્થા દ્વારા શૈક્ષણિક લોકના સ્ટોલ તથા દેશના ચલચિત્ર, ઉધોગ ગુજરાત-ગુજરાતીઓના યોગદાન વિષયક સ્ટોલનો પણ સમાવેશ કરાશે.

સાથે સાથે હિંમતનગર શહેરમાં હાથ ધરાનાર વિકાસકામોનું ક્રિમીટલ લોન્ચીંગ કરાશે. એક ભારત-શ્રેષ્ઠ ભારત-સાતરંગી ધારામાં દેશનાં વિવિધ રાજયોના નૃત્ય કલાને -દર્શિત કરાશે.

૨૫મી તારીખે સાંજે સાંસ્કૃતિક સંધ્યા‘સ્વાભિમાની સાબરકાંઠા યોજાશે. જેમાં ઓડીયો-વિજયુઅલના સમન્વયથી જિલ્લાની સાંસ્કૃતિક ધરોહરને રજૂ કરાશે. તે દ રમ્યાન જિલ્લાની વિકાસગાથા અને ઐતિહાસિક સાંસ્કૃતિક વિરાસતને અંકિત કરતા પુસ્તકોનું પણ વિમોચન કરાશે.

તા.૨૬મી જાન્યુઆરીનું -જાસત્તાક પર્વ હિંમતનગર ખાતે પરમ સન્માનીય રાજયપાલશ્રી ધ્વારા ધ્વજવંદન કરાશે.

હેલિકોપ્ટન દ્વારા પુષ્પવર્ષા બાદ બી.એસ.એફ., પોલીસ, ચેતક કમાન્ડો, કચ્છના લશ્કર વગેરેની ૨૩ જેટલી પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ પણ કરાશે. ત્યારબાદ ૩૩ જેટલા વિવિધ વિભાગોના ટેબ્લો પણ નિદર્શન કરાશે. રાજયની વિકાસગાથા ઉપરાંત ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહર ઉજાગર કરશે. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં માત્ર સાબરકાંઠા-અરવલ્લીના બાળકો જ નિદર્શન કરશે.

જેમાં સાબરકાંઠા સ્પેશ્યલ, ગુજરાત સ્પેશ્યલ, ભારત સ્પેશ્યલ અને ટ્રાઇબલ સ્પેશ્યલ એમ ચાર ભાગમાં આ કાર્યક્રમ રજૂ થશે. દેશનહા વિવિધ ભાગમાંથી આવેલા આદિજાતિ લોકો પોતાના પહેરવેશ અને વાધોનું સંગીત નિદર્શન પણ લોકો માટે આકર્ષણરૂપ બનશે. આ ઉપરાશંત પોલીસ કવાયત અને ડાંગ શો તથા શોર્સ શોનું પણ નિદર્શન કરાશે. તમામ પ્લાટુન, ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમનું ટોપ એંગલથી શુટ કરીને શ્રેષ્ઠ પ્લાટુન-ટેબ્લોને પુરસ્કૃત કરાશે.

(તસવીર : મગનજી વણઝારા)

પ્રાંતિજમાં કમોસમી માવઠાથી ખેતીને વ્યાપક નુકશાન

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા સહિત રાજયમાં છેલ્લા બે દિવસમાં વાતાવરણમાં એકાએક પલ્ટો આવી જતા વાદળછાયા વાતાવરણમાં કમોસમી માવઠુ પડ્યું હતુ. પરિણામે લોકોને ઠંડી સાથે વરસાદનો અનુભવ અને ખેડૂતોને ભારે નુકશાન થયું હતું.

ગત તા. ૨૦મીના રોજ સાંજના સમયે ઠંડુગાર વાતાવરણ બની ગયું હતું અને મોડી રાત્રે અચાનક જ ધારદાર વરસાદ ખાબકતા કિસાનોના જીવ તાળવે બંધાઈ ગયા હતા. અચાનક થયેલા આ વરસાદી ઝાપટાથી શાકભાજી અને શિયાળુ પાકને મોટા પાયે નુકશાન થવા પામ્યું છે. આથી પાકોના ઉત્પાદનમાં મોટો ફટકો પડ્યો છે. તો બીજી તરફ તાલુકામાં અંદાજે ૨૫ જેટલા ઈંટના ભઠ્ઠાવાળાને પણ કાચી ઈંટોમાં મોટું નુકશાન થયું છે.

ધનસુરામાં ગાજવીજ સાથે ૨ ઈંચ વરસાદ

ધનસુરા, તા.૨૧

વાતાવરણમાં આવેલ નાટકીય પલ્ટાના લીધે ધનસુરા તાલુકામાં ભર શિયાળે ચોમાસાનો માહોલ જોવા મળ્યો હતો. ધનસુરામાં ગત મોડી રાત્રે અચાનક જ ગાજવીજ સાથે એકએક જોરદાર વરસાદ ખાબક્યો હતો આથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયું હતું અને રહીશોને એક જ રાતમાં ઠંડી અને વરસાદની બેવડી ઋતુનો ખરો અનુભવ થયો હતો. જયારે આ વરસાદી માવઠું પડતા રવિ પાક જેવા કે જીરૂ, વરિયાળી, ઘઉં સહિતના પાકોને વ્યાપક નુકશાન થવા પામ્યું છે તો ખેતરમાં તૈયાર થઈ ગયેલા ઉભા પાકને પણ નુકશાન થયું હતું જયારે આ વરસાદના કારણે નીચાણવાળા અનેક વિસ્તારમાં પાણી પણ ભરાઈ ગયા હતા.

૩૬મો વાર્ષિક રમતોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૧

જીઈબી કોલોની ખાતે આવેલી શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં ૩૬મો વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રાથમિક વિભાગમાં વ્યાયામવીર તરીકે સમીરખાન અને વીરબાળા તરીકે અંજલી ઠાકોર તેમજ માધ્યમિક વિભાગમાં વ્યાયામવીર તરીકે દિપક દંતાણી અને વીરબાળા તરીકે દેવી ચૌધરી વિજેતા થયા હતા. કાર્યક્રમમાં શાળા પરિવારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

(તસવીર : મગનજી વણઝારા)

રાજયકક્ષાના -જાસત્તાક પર્વની ઉજવણી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં થઇ રહી છે. ત્યારે અનેકવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાઇ રહ્યા છે જેના ભાગરૂપે આજે હિંમતનગર તાલુકામાં કાંકણોલ,બેરણા,કરણપુર અને હમીરગઢ સહિતના ગામોમાં પાયાના સુવિધાઓ લગતા રૂ. ૨૦૧.૭૫ લાખના ૫૧ વિકાસના કામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કર્યુ હતું. આ -સંગે તાલુકા અગ્રણી વનરાજસિંહ પરમાર, શંકરભાઈ કહાર, હિરેનભાઈ ગોર, અતુલભાઈ પટેલ સહિત અન્ય મહાનુભવો તેમજ તાલુકા/જિલ્લાના સદસ્યશ્રીઓ, સરપંચશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ગુંદરી ચેકપોસ્ટ પરથી ઓગણીસ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

દાંતીવાડા, તા. ૨૧

ગુજરાતની ગુંદરી બોર્ડર ચેકપોસ્ટ પરથી સોમવારની રાત્રીના સમયે રાજસ્થાન તરફથી આવતા ત્રણ આરોપી સહીત વિદેશી દારૂ ભરેલ કન્ટેનર પાંથાવાડા પોલીસ તેમજ એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે.

મળતી માહિતી મુજબ રાજસ્થાનથી ગુજરાતને જોડતી બોર્ડર ગુંદરી ચેકપોસ્ટ કે જ્યાંથી અવાર નવાર લાખો રૂપિયાના વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવે છે. આમ સોમવારની રાત્રે વિદેશી દારૂનો મોટો જથ્થો ગુજરાતમાં આવવાનો હોવાની જાણ બોર્ડર પોલીસ ચોકીને થતા પોલીસ દ્વારા ગાડીઓનું સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, જે દોરાન રાજસ્થાન તરફથી આવતા એચ.આર.૫૫-એ-૭૯૫૬ નંબરનું કન્ટેનર ચેક કરાતા અંદર દારૂ હોવાનું માલુમ પડતા અંદર બેઠેલ રોહિતકુમાર તેજપાલ જાદવ, મહાવીર પ્રમચંદ જાદવ, રફીકખાન પપ્પુખાન મુસલમાન રહે. જખોપુર તાલુકો, સોનાજી જિલ્લો, ગુડગાવ (હરીયાણા) ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. આમ કન્ટેનરમાં ૫૭૦ પેટીમાં ૯૭૫૨ નંગ બોટલ કિંમત રૂ. ૧૯,૮૩,૬૦૦ ગાડી કન્ટેનર કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ગાડીની ટાટપત્રી તેમજ મોબાઈલ કિંમત રૂપિયા ૨,૨૦૦ જે કુલ મળી ૨૯,૮૫,૮૦૦નો મુદ્દામાલ પાંથાવાડા પીએસઆઈ એ. જે. દલસાણીયા, એએસઆઈ ફતાભાઈ, એએસઆઈ નવીનભાઈ, એએસઆઈ રમેશભાઈ, હેડ કોન્સ્ટેબલ ફલજીભાઈ તેમજ એલસીબી માંથી રમજીતસિંહ, મુકેશભાઈ જેઓ દ્વારા મુદ્દામાલ સહીત ગાડી તેમજ ત્રણ ઈસમોની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

તલોદ કોલેજ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી રમતોત્સવમાં ચેમ્પિયન

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની આર્ટસ-કોમર્સ, સાયન્સ કોલેજના પટાંગણમાં તાજેતરમાં યોજાઈ ગયેલી અનેક સ્પર્ધાઓમાં તલોદ કોલેજના વિદ્યાર્થી રમતવિર સ્પર્ધકોએ યુનિવર્સિટી કક્ષાએ ચેમ્પિયનશીપ મેળવીને ગૌરવ પ્રદાન કરેલ છે. જે સ્પર્ધામાં વેઈટ લિફટીંગ, પાવર લિફટીંગ અને બેસ્ટ ફિઝીક્સનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી અનેક કોલેજોના વિદ્યાર્થી સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલ આ વેઈટ લિફટીંગ અને પાવર લિફટીંગ સ્પર્ધા ભાઈઓ અને બહેનો માટે પણ આયોજીત કરવામાં આવી હતી. જેમાં તલોદ ઉપરાંત હિંમતનગર, ઈડર, મોડાસા, ઊંઝા અને પાટણ સહિતની કોલેજોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભારે નોંધપાત્ર કૌવત દર્શાવીને મહિલા સ્પર્ધકોએ શાનદાર રજૂઆત કરીને મેદાન માર્યું હતું અને બતાવી દીધું હતું કે, ‘હમ ભી કુછ કમ નહિ..’

બહેનો માટેની વેઈટ લિફટીંગ સ્પર્ધામાં તથા પાવર લિફટીંગ સ્પર્ધામાં પણ ઊર્વિ મહેન્દ્રભાઈ દવેએ પ્રથમ નંબરનું વિજેતાપદ હાંસલ કર્યું હતું. તે જ રીતે જાગૃતિ ઈશ્વરસિંહ પરમારે વેઈટ લિફટીંગમાં દ્વિતીય ક્રમ અને પાવર લિફટીંગમાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. ભાઈઓની વેઈટ લિફટીંગ સ્પર્ધામાં સ્વપ્નીલસિંહ નટવરસિંહ ઝાલાએ પ્રથમ ક્રમ અને બેસ્ટ ફિઝીકલ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. વેઈટલિફટીંગમાં રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળ પણ પ્રથમ ક્રમે રહ્યા હતા. તેઓએ ભાઈઓ માટેની પાવર લિફટીંગમાં પ્રથમ ક્રમે મેળવ્યો હતો. મિતલ ગુજરાતસિંહ ઝાલા અને ઈન્દ્રાજ સામંતસિંહ ઝાલા બહેનો માટેની વેઈટ લિફટીંગમાં દ્વિતીય ક્રમે રહ્યા હતા.

જ્યારે બહેનો માટેની પાવર લિફટીંગ સ્પર્ધામાં નેહા કુંવરબા પ્રવિણસિંહ ઝાલા દ્વિતીય ક્રમે અને ભાઈઓ માટેની વેઈટ લિફટીંગ સ્પર્ધામાં પટેલે સંજય જી. અને રાઠોડ પ્રવિણ દુરસિંહ બંને દ્વિતીય ક્રમે ઉત્તિર્ણ થયા હતા.

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

જિલ્લાના ગાબટ ખાતે આવેલી સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોતીયા મુક્ત અરવલ્લી અભિયાન અંતર્ગત નેત્રનિદાન કેમ્પ કરવામાં આવ્યો હતો. કેમ્પમાં ૭૦૬૭ લાભાર્થીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. ગાબટની સમતા વિકાસ ટ્રસ્ટ તેમજ સાત સમુંદર પાર અમેરીકામાં વસતા સેવાભાવીઓએ વતનનું ઋણ ચૂકવવાના આશયથી જિલ્લાના ગરીબ લોકોને મદદરૂપ થવાનું બીડુ ઝડપ્યું છે. તાજેતરમાં નેત્ર નિદાન કેમ્પમાં ૭૦૬૭ દર્દીઓની તપાસ કરવામાં આવીહતી. જેમાં ૧૩૧૦ દર્દીઓના મોતીયાના ઓપરેશન અમદાવાદ સ્થિત અંધજન મંડળ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતા.

શબ્દાવલી - ૫૨૯૪

૧	૨		૩			૪	૫
૬					૭		
		૮		૯			
		૧૦				૧૧	૧૨
૧૩	૧૪			૧૫	૧૬		
૧૭			૧૮		૧૯		
૨૦		૨૧					
૨૨					૨૩		

આડી ચાવી

૧. કજિયો, તકરાર (૫)
૪. અંગત, પોતીકું (૨)
૬. વહાણનું તુતક (૨)
૭. ખેતીનું દાંતાવાળુ એક ઓજાર (૩)
૮. સીડી, દાદર, પગથિયું (૩)
૧૦. ફરાળમાં વધારે ખવાતું કંદ (૩)
૧૧. ફાયદો, નફો (૨)
૧૩. રોનક, રંગની છટા (૩)
૧૫. મુંગુ, બોલી ન શકે તેવું(૨)
૧૭. હાથી (૨)
૧૯. રાજા, રાજવી (૩)
૨૦. મંદ ગતિથી જનારૂં (૪)
૨૨. અજંપો, હિલચાલ (૪)
૨૩. સાવ, બિલકુલ

ઊભી ચાવી

૧. વહાણનો મુખ્ય ખલાસી(૩)
૨. નજર, વારંવાર ટોકવું તે(૨)
૩. અદલાબદલી (૪)
૪. ખાતાવાર હિસાબ રખાય તે ચોપડો (૪)
૫. સાંઠેકડું, સાંઠીકુ (૨)
૮. સાથ, મૈત્રી (૩)
૯. કામ વિનાનું (૩)
૧૨. તખ્ત (સત્તા) પર બેઠેલ(૫)
૧૩. તખ્તો, રંગભૂમિ (૪)
૧૪. હાથીઓનું ટોળું (૪)
૧૬. જાદુ, કારીગરી (૪)
૧૮. તામિલનાડુમાં... ભાષા બોલાય (૩)
૨૧. કિલોમીટર જેટલું જૂનું માપ (૨)

શબ્દાવલી ૫૨૯૩ના જવાબ

આડી ચાવી :- (૧) શિવલીંગ (૩) રતી (૫) પરોપકાર (૮) લય (૧૦) પોરસ (૧૧) યશોગાન (૧૩) પોખરણ (૧૪) ખસખસ (૧૮) મચક (૧૯) જખમ (૨૧) અર્થ (૨૨) નગ

ઊભી ચાવી :- (૨) શિવાલય (૨) ગપ (૩) રકાસ (૪) તીર (૬) રોપો (૭) પરદુ:ખભંજન (૯) યશો (૧૨) ખસ (૧૫) સમર્થ (૧૬) ખસ (૧૭) સકળ (૨૦) ખગ

ટોરસ વોકેશનલ આર્ટ એન્ડ ડીઝાઈન ઈન્સ્ટિટ્યૂટનો અમદાવાદમાં પ્રારંભ

ફિલ્મ અને ટીવી એનિમેશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે અનોખી તક

ભારતીય એનિમે શન ઉદ્યોગ છેલ્લાં એકાદ દાયકાથી અત્યંત ઝડપથી પ્રગતિ હાંસલ કરી રહ્યો છે. સાઉન્ડ ઈફેક્ટ્સ, ગ્રાફિક્સ, ટેક્સ્ટ અને વિઝ્યુઅલ્સનો યોગ્ય સમન્વય કરવાની સૂઝ ધરાવતી વ્યક્તિઓ માટે આ ઈન્ડસ્ટ્રીઝમાં આગળ વધવાની વ્યાપક તક રહેલી છે. એનિમે શન ક્ષેત્રે ઉજ્જવળ કરિયર બનાવવા ઈચ્છતા પ્રતિભા શાળી યુવાનો માટે આજે ટોરસ વોકે શનલ આર્ટ એન્ડ ડીઝાઈન ઈન્સ્ટિટ્યૂટે આજે અમદાવાદમાં પોતાના ઈન્સ્ટિટ્યૂટનો શુભારંભ કર્યો હતો. આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ફિલ્મ ઉદ્યોગ, ટેલિવિઝન, પ્રોડક શન હાઉસિસ, ગ્રાફિક્સ અને પેઈન્ટિંગ, વેબ ડીઝાઈનિંગ, ફેશન ડીઝાઈનિંગ, એડવર્ટાઈઝિંગ ઈન્ડસ્ટ્રીઝ, ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝ, ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ તથા સ્ટુડિયો જેવા વિવિધ ક્ષેત્રે પોતાની કારકિર્દી આગળ ધપાવી શકે છે.

અગાઉ એનિમે શન માત્ર યુરોપ અને અમેરિકાની મોટા બજેટવાળી ફિલ્મો પૂરતું સિમિત હતું. જોકે હવે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પ ણ એનિમે શનનો પ્રસાર અને લોકપ્રિયતા વધી છે. એક અંદાજ પ્રમા ણે ભારતીય એનિમે શન ઉદ્યોગનું મૂલ્ય ૫૫૦ મિલિયન ડોલર જેટલું છે. જોકે હાલ ભારતમાં આ ઉદ્યોગ બાળઅવસ્થામાં છે અને આ ક્ષેત્રે પ ણ ઉજ્જવળ કારકિર્દી બનાવવી સંભવ છે તે અંગે લોકોમાં પૂરતી જાગરુકતા નથી. ઓછા ઉત્પાદન ખર્ચ, આધુનિક સાધનો તથા રચનાત્મકતાને કાર ણે વિશ્વભરની કંપનીઓ ધીમે ધીમે પોતાના એનિમે શન અને તેને સંબંધિત પ્રોજેક્ટ ભારતમાં કરાવી રહી છે. વિદે શી કંપનીઓના કોન્ટ્રાક્ટ આધારિત કામકાજમાં થયેલા નોંધપાત્ર વધારાને કાર ણે સ્થાનિક એનિમે શન ઉદ્યોગ ઝડપથી વિકાસ પામી રહ્યો છે. સ્ટુડિયોઝ પ ણ હવે ટુડી અને થ્રીડી એનિમે શનની કામગીરી વધારી રહ્યાં છે.

આ ક્ષેત્રે રહેલી વ્યાપક તકોને ઝડપી લેવા માટે યોગ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલિમ આવ શ્યક છે. સ્થાનિક એનિમે શન ઉદ્યોગમાં વધી રહેલી તાલિમબદ્ધ એનિમે શન આર્ટિસ્ટ અને પ્રોફેશ નલ્સની માગ અને તેની વર્તમાન અછતના વચ્ચેના તફાવતને દૂર કરવા ટોરસ વોકે શનલ આર્ટ એન્ડ ડીઝાઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ (ટીવીએડીઆઈ) આર્ટ, ડીઝાઈન અને એનિમે શન ઉદ્યોગ માટે જરૂરી નિપુ ણતા ધરાવતા પ્રોફેશ્નલ્સ તૈયાર કરવાનો ધ્યેય ધરાવે છે. આ ઈન્સ્ટિટ્યૂટમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ પોતાના કૌ શલ્યને વધુ બહેતર અને આંતરરા ષ્ટ્રીય સ્તરનું બનાવવા ઈચ્છતા વર્તમાન પ્રોફેશ્નલ્સ પ ણ જોડાઈ શકે છે. ટીવીએડીઆઈનો દરેક કોર્સ આધુનિક આર્ટ અને ડીઝાઈનને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયો છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા

ટોચના પ્રોફેશ્નલ્સ, કોર્પોરેટ પ્રેક્ટિશ્નર્સ વગેરે પોતાના અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી તેમને વર્તમાન અને ભાવિ ટ્રેન્ડથી પરિચિત બનાવ શે. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીના રસ અને તેનામાં રહેલી રચનાત્મકતાના આધારે તેમના માટે કયો કોર્સ વધુ ઉપયોગી નિવડ શે તેની પણ માહિતી આપ શે.

ટીવીએ ડીઆઈ એ બ્રાન્ડ મે નેજમેન્ટ, એડવર્ટાઈઝિંગ, ડીઝાઈન, એક્ઝિબિશન, ડ ડી એ નિમે શન, વીએફએક્સ, એડવર્ટાઈઝિંગ ફિલ્મ્સ, આર્કિટેક્ચર રેન્ડરિંગ અને વોકથ્રુ જેવા ક્ષેત્રોમાં દાયકાથી પણ વધુ સમયથી કાર્યરત રેડિયન્ટ જૂથની આગવી પહેલ છે.

ધોરણ ૧૦ પાસ અથવા ડિપ્લોમા કે સર્ટિફિકેટ કોર્સ કરનાર વ્યક્તિ ટીવીએડીઆઈના કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત પ્રોફેશ્નલ્સ પ ણ ટૂંકાગાળાના સર્ટિફિકેટ કોર્સિસ માટે જોડાઈ શકે છે. ટીવીએડીઆઈ ઈન્ટર્ન શિપ અને પ્લેસમેન્ટ એમ બંને ઉપલબ્ધ બનાવે છે. ટીવીએડીઆઈ રેડ ચિલીઝ, ટાટા એલક્સીઝ જેવા અગ્ર ણી પ્રોડક શન હાઉસ અને આર્કિટેક્ટ કંપની સાથે જાડાણ કરવાનું પણ આયોજન ધરાવે છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો: વિપુલ શુક્લ ૯૮૨૫૦ ૬૫૯૯૭

ધરણાનો આખરે અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હી પોલીસે અગાઉ આજે સાંજે કેજરીવાલને બુધવાર સુધી ધરણાના સ્થળને ખાલી કરી દેવા સૂચના આપી હતી. બીજી બાજુ રેસ ક્લબમાં એએપીના નેતાઓ મનિષ સિસોદિયા, યોગેન્દ્ર યાદવની ઈમરજન્સી બેઠક પણ યોજાઈ હતી જેમાં કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા. લાઠીચાર્જ દરમિયાન કેટલાક પત્રકારોને પણ ઈજા થઈ હોવાનું જાણવા મળ્યુ હતુ. કેજરીવાલને આવતીકાલ સુધી ગ્રાઉન્ડ ખાલી કરી દેવા કહેવામાં આવ્યુ હતુ. બેરિકેડ તોડીને રેલ ભવનમાં ખૂસી જવાના પ્રયાસ કાર્યકરો દ્વારા કરાયા હતા. લાઠીચાર્જ બાદ દિલ્હી પોલીસ સામે જોરદાર નારાબાજી પણ કરવામાં આવી હતી. કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો. કેજરીવાલે વિરોધને ઘટાડવા કોઈ વાતચીત કરવાનો પણ ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતુ કે પાટનગરમાં મહિલાઓની સુરક્ષા મંત્રાણાનો મામલો નથી. કેજરીવાલે કહ્યું હતુ કે અમારો દેખાવ ચાલુ રહેશે. જ્યારે થ્રેણીબદ્ધ ગુનાઓ દિલ્હીમાં બની રહ્યા છે ત્યારે સુશીલકુમાર શિંદે કઈ રીતે સરળતાથી ઊંઘી શકે છે. આ મામલે કોઈ બાંધછોડ કરાશે નહીં. સોમવારની જેમ જ આજે પણ મોટી સંખ્યામાં સમર્થકો રેલ ભવનની બહાર ધરણાના સ્થળ ઉપર પહોંચ્યા હતા. પ્રજાસત્તાક દિવસની તેયારીના સ્થળ નજીક સઘન સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. મુખ્યમંત્રીની સાથે તેમના કેબીનેટના છ સાથીઓ પણ બેઠા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં સમર્થકોએ રેલ ભવનની બહાર રાત્રી ગાળી હતી. તીવ્ર ઠંડી હોવા છતાં આ લોકો અહીં જ ગોઠવાયેલા રહ્યા હતા. કેજરીવાલ ખુલ્લા મેદાનમાં માર્ગ ઉપર જ સૂઈ રહ્યા હતા જ્યારે તેમના કેટલાક સમર્થકોએ સૂત્રોચ્ચાર કરીને અને તીવ્ર ઠંડીથી બચવા ટાપણી કરીને ગાળી હતી. કેબીનેટ પ્રધાનો પણ માર્ગ ઉપર જ ઊંઘી ગયા હતા.

રસ દાખવ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગાંધીનગર જિલ્લામાં યુવા મતદારોની સૌથી વધુ અરજીઓ મળી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જો કે ગાંધીનગર (૬)માં સ્થળાંતર કરી ગયેલા મતદારોની અરજીઓ વધારે સંખ્યામાં મળી છે. આ ઉપરાંત ગાંધીનગર (દ)માં પણ આવી અરજીઓ સારી એવી સંખ્યામાં મળી છે. ગાંધીનગર જિલ્લામાં હવે ૩૧મી જાન્યુઆરીએ નવી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. હાલ તો તંત્ર ડુપ્લીકેટ નામ નોંધાયા હોય તો તે શોધી કાઢવાની કવાયતમાં વ્યસ્ત બની છે.

અદભૂત પ્રસ્તુતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગજ્જર, મુદ્રિકા મહેતા, તિથિ રત્નોત્તર, ઝરણા દવે, ફોરમ પટેલ, નિકીતા પટેલ, આશકા પટેલ અને અમીતા ભાવસારે ગુજરાતનાં અસ્સલ લોકનૃત્યોની ધમાકેદાર રજૂઆત કરી. આવા આંતરરાષ્ટ્રીય કક્ષાનાં કાર્યક્રમમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત સતત ૩૧ વર્ષની લોકસંસ્કૃતિની સેવા અને સંવર્ધન કરતી સુરમધુર કલાવૃંદ સંસ્થાને આવી અદભૂત પ્રસ્તુતિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

ગેંગ ઝડપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી હોવાની ચોંકાવનાર કબુલાત કરી લીધી છે.

ગાંધીનગર રેન્જ વિસ્તારમાં બેંકમાંથી રૂપિયા ભરેલી વજનદાર તિજોરી આખી ચોરી થઈ જવી તથા એટીએમ મશીનો ચોરી થઈ જવાના કિસ્સાઓ બનતા પોલીસ માટે શરમજનક અને પડકારરૂપ માનીને ગુનાના ભેદ ઉકેલવા માટે છેલ્લા ત્રણ મહિનાથી રેન્જ આઈ.જી. રાજીવ રંજન ભગત તથા ગાંધીનગર એસ.પી. શરદ સિંઘલના સતત મોનીટરીંગ હેઠળ ટીમો આ દિશામાં તપાસ કરી રહ્યા હતા. આર.આર. સેલના પી.એસ.આઈ. બોડાણા તથા તેમની ટીમ અને ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમને આજે આ ગેંગને બાતમીને આધારે ઝડપી પાડવામાં સફળતા મળી છે. વસઈ ડાભડા ચોકડી પાસેથી પીકઅપ ડાલા નં. જીજે-૨-વીવી-૯૬૯ સાથે ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા જિલ્લામાં મિલ્કત સંબંધી ગુનાઓમાં વોન્ટેડ આરોપી શૈલેષ ઊર્ફે ટીનો પુંજાજી ઠાકોર પકડાઈ ગયો હતો. તેના ડાલા પાછળ અન્ય ત્રણ શખ્સો બેચરાજીના જેતપુર ખાતે રહેતા રંગાજી પ્રતાપજી ઠાકોર, કયુરજી ઊર્ફે કપુરકાકા કરશનજી ઠાકોર અને અમદાવાદ દેત્રોજના રતનપુરાનો ઈન્દુભા લક્ષ્મણજી સોલંકી પણ બેઠા હતા. એલસીબી કચેરીમાં લાવીને ઊંડી પુછતાછ કરતાં ગાંધીનગર તથા અન્ય જિલ્લાઓના ગામોમાં સ્થિત બેંકોમાંથી રૂપિયા ભરેલી તિજોરીઓ તથા એટીએમ ઉઠાવી જતી આ ગેંગ હોવાની ચોંકાવનારી કબુલાત કરી છે. જુદા જુદા વાહનોમાં આવીને ચોક્કસ બેંક કે એટીએમની રેકી કરી બેંકમાંથી રોકડ ભરેલી તીજોરી કે એટીએમની શીફતપૂર્વક ચોરી કરીને ગેંગ રફુચક્કર થઈ જતી હતી. ચોરીની તિજોરી કે એટીએમ અલગ અલગ જગ્યાએ લઈ જઈને કટર મશીનની મદદથી કાપી રોકડ રકમ કાઢીને રૂપિયાની વહેંચણી ચોરીમાં કરેલી કલા-કારીગરીને આધારે કરવામાં આવતી હતી. કપાયેલા તિજોરી તથા એટીએમ તથા કોઈ પુરાવા પોલીસને ન મળે તે માટે ચોરી લેતા સીસીટીવી કેમેરા અને સીપીયુ પણ નર્મદા કેનાલમાં ફેંકી દેતા હતા. ગેંગનો મુખ્ય સૂત્રધાર હિંમતનગરનો હુસેનશા દિવાન હતો. શૈલેષ તથા હુસેન બેંકના તાળા તોડી બેંકમાંથી તિજોરી બહાર લાવવાનું કામ કરતા હતા. રંગાજી તથા કપુરજી બેંક નજીક વાહન ઉભુ રાખી વોચ રાખતા હતા. કોલ મળે એ